રેલવે સ્ટેશનના 4 સ્ટોલ બંધ કરાવી દેવાયા

પશ્ચિમ રેલવેનું સઘન ચેકિંગ, અસ્વચ્છતા અને નિયમોના ઉલ્લંઘન બદલ સપાટો

સુરતઃ પશ્ચિમ રેલવેએ સુરત સ્ટેશને હાથ ધરેલા સ્પેશિયલ ઈન્સ્પેક્શન દરમિયાન કેટલીક ખાણીપીણીના સ્ટોલ્સમાં નિર્ધારિત માપદંડોનું પાલન ન થતું હોવાની ગંભીર ખામીઓ સામે આવી હતી.

પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, ખાણીપીણીની સેવાઓમાં સામે આવેલી ખામીઓ અને નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન છે. રેલવે સ્ટેશનો પર દરરોજ હજારો મુસાફરો નાસ્તો, ભોજન, પાણી અને અન્ય ખાદ્ય સામગ્રી ખરીદે છે. આવી સ્થિતિમાં ફૂડની સ્વચ્છતામાં કોઈપણ પ્રકારની બેદરકારી સીધી મુસાફરોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલો મામલો છે. રેલવેએ કેટરિંગ કોન્ટ્રાક્ટરો અને કર્મચારીઓને ખાદ્ય સામગ્રીના યોગ્ય હેન્ડલિંગ અને સ્ટોરેજ સાથે સ્વચ્છતાનું કડકાઈથી પાલન કરવા નિર્દેશ આપ્યા છે.

આ કંપનીના સ્ટોલ ફૂડ બંધ કરાયા

મેસર્સ. મહેશ ચંદ્ર એન્ડ કંપની
મેસર્સ. મસૂદ અહેમદ એન્ડ કંપની
મેસર્સ. આર. આર. ભાવસાર
મેસર્સ. મહેશ ચંદ્ર એન્ડ કંપની

કેગના અહેવાલ બાદ અધિકારીઓ જાગ્યા

તાજેતરના CAG ઓડિટ અહેવાલમાં જણાવાયું હતું કે સુરત જેવા ઉચ્ચ આવક ધરાવતા રેલવે સ્ટેશનો પર પણ મુસાફરો માટે પૂરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી, બેસવાની વ્યવસ્થા અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓનો અભાવ છે.

પીવાના પાણીની ગુણવત્તા મુદ્દે 10 દિવસની સ્પેશિયલ ડ્રાઈવ

કાટ લાગેલાં અને ખરાબ વોટર કુલર હટાવાશે

રેલવે બોર્ડને રિપોર્ટ સોંપાશે

સુરતઃ રેલવે સ્ટેશનો પર મુસાફરોને અપાતા પીવાના પાણીની ગુણવત્તાને લઈને રેલવે બોર્ડે કડકાઈ વધારી છે. મુસાફરો અને રેલ કર્મચારીઓને સ્વચ્છ અને સુરક્ષિત પાણી મળી રહે તે માટે તમામ ઝોનલ રેલવેમાં 10 દિવસનું સ્પેશિયલ તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન સ્ટેશનો પર લાગેલા વોટર કુલર, પાણીની ટાંકીઓ, પાઈપલાઈન અને આરઓ-યુવી સિસ્ટમની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

આવાં કૂલર હટાવી દેવાશે

■ બગડી ગયેલા ■ કાટ લાગેલા ■ ઉપયોગ માટે અયોગ્ય

રેલવે બોર્ડે આ સંબંધમાં ઝોનલ રેલવેના પ્રિન્સિપલ ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરોને નિર્દેશ આપ્યા છે. કાર્યવાહી બાદ તેનો કમ્પ્લાયન્સ રિપોર્ટ બોર્ડ ઓફિસને મોકલવા જણાવાયું છે. સુરત સ્ટેશન સહિત પશ્ચિમ રેલવેના મુખ્ય સ્ટેશનો પર પણ આ અભિયાન હેઠળ પેયજળ વ્યવસ્થાની તપાસ કરવામાં આવશે.

અભિયાનમાં સૌપ્રથમ વોટર કુલરની પાણીની ટાંકીની સફાઈ અને તેની સ્થિતિ જોવામાં આવશે. ટાંકીમાં કાટ ન હોવા સાથે તેનું ઢાંકણ અને ગાસ્કેટ એરટાઈટ હોવું જરૂરી રહેશે. કુલર, પાઈપલાઈન અને નળોમાં કોઈપણ પ્રકારનું લીકેજ મળશે તો તેને તાત્કાલિક રિપેર કરાવાશે. વોટર કુલરની આસપાસ ગંદકી મળશે તો સફાઈ કરાવાશે. જ્યાં આરઓ કે યુવી સિસ્ટમ લાગેલી છે ત્યાં તેની સર્વિસિંગ, ફિલ્ટર અને અન્ય જરૂરી ભાગો સમયસર બદલાયા છે કે નહીં તેની પણ તપાસ થશે. કૂલર પર પણ ખાસ કામગીરી કરવામાં આવશે. જરૂરિયાત મુજબ નવા વોટર કુલર લગાવવાની યોજના પણ તૈયાર કરાશે. આ ઉપરાંત ભવિષ્યમાં પાણીની પરબની વ્યવસ્થાની નિયમિત તપાસ અને તેનો રેકોર્ડ જાળવી રાખવાનું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે.

કવિ નર્મદ જયંતીની ઉજવણી, બાળકોએ નમન કર્યા

■ આજે કવિ નર્મદની જયંતીએ તેમના નિવાસ સ્થાન આમલીરાન ખાતે તેમજ ચોકબજાર સ્થિત તેમની પ્રતિમા પાસે ઉજવણી કરવામાં આવી હતી. શાળાની બાળાઓ તેમને નમન કરી ઉજવણી કરી હતી. (તસવીરઃ સતીષ જાદવ)

રાંદેરમાં બે દિવસના તાવમાં યુવકનું મોત

સુરતઃ રાંદેર તાડવાડી ખાતે આવેલા મિલન ફ્લેટમાં 37 વર્ષીય ચિંતન પંકજભાઈ શાહ પરિવાર સાથે રહેતા હતા અને છૂટક કામ કરતાં હતા. ચિંતનને છેલ્લા બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી તેઓએ મેડિકલ સ્ટોર પરથી પેરાસિટામોલ નામની દવા લીધી હતી. સોમવારે સવારે તબિયત લથડતા તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા. પરિવારજનો નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ચિંતનને મૃત જાહેર કર્યા હતા.

કડોદરામાં છ વર્ષના બાળકનું તાવમાં મોત

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની ગુરુદેવભાઈ ડામોર હાલમાં કડોદરા ખાતે આવેલી ઓમ જીઆઈડીસીમાં પરિવાર સાથે રહે છે. ગુરુદેવભાઇના સંતાન પૈકી 6 વર્ષીય આયુષને છેલ્લા ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી પરિવારજનો તેને સ્થાનિક સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં તેની સારવાર ચાલી રહી હતી. આજે સવારે આયુષ ઘરમાં હાજર હતો. ત્યારે તેને તાવની સાથે ખેંચ આવવા લાગી હતી. જેથી પરિવારજનો તેને ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઇ આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

શિક્ષકની પત્નીએ બીમારીથી કંટાળી ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

સુરતઃ મૂળ ભાવનગરના મહુવા તાલુકાના ગુંદરણી ગામના વતની 49 વર્ષીય જીગ્નાબેન કિશોરકુમાર ઉપાધ્યાય હાલમાં કોઝ-વે રોડ સ્થિત રુદ્રાક્ષ કોમ્પ્લેક્સમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેમના પતિ વેડરોડ વિસ્તારમાં આવેલી ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જીગ્નાબેન છેલ્લા ઘણા સમયથી મગજની બીમારી સહિતની અન્ય નાની-મોટી બીમારીઓથી પીડાતા હતા અને તેમની સારવાર તથા દવા પણ ચાલુ હતી. દરમિયાન કાલે બપોરે તેમણે બેડરૂમમાં છતના લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું હતું. બનાવ અંગે ચોક બજાર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પલસાણાનાં બંગલા માલિકને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃમોડર્ન હોમ્સ ફર્નિચરના વેપારી ફરિયાદી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ માંગરોલા પાસેથી પલસાણા અવધ કિમ્બર્લીમાં રહેતાં આરોપી ભરતકુમાર કોઠારીએ પોતાનાં બંગલા માટે ફર્નિચરની ખરીદી કરી કુલ રૂા.૩,૫૦,૦૦૦ના બે ચેક આપ્યાં હતાં જે ચેક રિટર્ન થતાં રાજેન્દ્રસિંહ માંગરોલાએ કોર્ટ ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે એડવોકેટ ધર્મેશ ગાંધી તથા કિરણ રાજપુતની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી ભરતકુમારને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો હતો. આરોપી હાજર નહિ રહેતા વોરંટ ઇસ્યુ કરાયું હતું.

પિતા જેલમાં અને માતાની ગેરહાજરી, કિશોરી પર ત્રણનું દુષ્કર્મ

વેલંજામાં કિશોરીના નગ્ન ફોટા વાયરલ કરવાની ધમકી આપીને શારીરિક શોષણ કરાયું

પોલીસે શોષણ કરનાર ક્રિપાલસિંહ ગોહિલ, તેનો ભાઈ કનક અને સંતોષ વસાવાને પકડી પાડ્યા

સુરતઃ પિતા જેલમાં હોવા અને માતા પણ ઘરે હાજર ન હોવાની પરિસ્થિતિનો લાભ ઉઠાવી વેલંજા વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરાને ત્રણ શખ્સોએ ધમકાવી તેનું શોષણ કર્યાનો આક્ષેપ સામે આવ્યો છે.

પોલીસે પાસેથી મળતી માહિતી મુજબ 14 વર્ષીય કિશોરી વેલંજા વિસ્તારમાં રહેતી હતી. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન આરોપી ક્રિપાલસિંહ ગોહિલે સગીરાનો મોબાઈલ નંબર મેળવી તેની સાથે વાતચીત શરૂ કરી હતી અને ત્યારબાદ તેને પ્રેમની તેમજ સારી રીતે રાખવાની લાલચ આપી હતી. પરિવારજનોની ગેરહાજરીમાં ક્રિપાલસિંહ સગીરાના ઘરે આવી તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધતો હતો અને આ દરમિયાન તેણે સગીરાના નગ્ન ફોટા પણ પાડી લીધા હતા. આરોપી આ ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. ત્યારબાદ ક્રિપાલસિંહ તેના ભાઈ કનકસિંહ ગોહિલને સાથે લાવ્યો હતો અને કનકસિંહે પણ આ નગ્ન ફોટા બતાવી ધમકી આપીને સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. થોડા દિવસ પછી ક્રિપાલસિંહ તેના મિત્ર સંતોષ વસાવાને ઘરે લઈ આવ્યો હતો અને સંતોષ સાથે સંબંધ નહીં બાંધે તો પણ ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

આરોપી ક્રિપાલસિંહ અવારનવાર ફોન કરીને સગીરાને મળવા બોલાવતો હતો અને વાત નહીં માને તો ફોટા તેના પિતાને બતાવવાની, સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકીઓ આપતો હતો. સગીરાએ સમગ્ર આપવીતી પોતાની નાનીને જણાવતાં પરિવારજનોએ તેને સાથે રાખી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. પોલીસે સગીરાના નિવેદન અને પુરાવાના આધારે ત્રણેય આરોપીઓ સામે પોસ્કો અને બળાત્કારની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપી કનકસિંહ જેમભાઇ ગોહિલ (ઉ વ.૩૦ ધંધો. વેપાર રહે. તુલસી હોમ સોસાયટી, વેલંજા સુરત), ક્રિપાલસિંહ જેમભાઇ ગોહિલ (ઉ વ.૨૨ ધંધો. નોકરી રહે. તુલસી હોમ સોસાયટી, વેલંજા) અને સંતોષભાઇ ગણપતભાઇ વસાવા (ઉ વ.૨૨,રહે. ભૈરવ કોલોની કામરેજ ગામ)ને પકડી પાડ્યા છે. કિશોરીના પિતા હાલ ઈમોરલ ટ્રાફિકિંગ કેસમાં લાજપોર જેલમાં બંધ છે.

બે વર્ષ પહેલા સુરતમાં મોતને ભેટેલી સગીરા પર દુષ્કર્મ થયું હતું

સુરત : મૂળ નેપાળના અને ગોપીપુરા વિસ્તારમાં રહેતા પરિવારની 13 વર્ષીય બાળકી નેહા' (નામ બદલ્યું છે) પરિવાર સાથે રહેતી હતી. જૂન 2024માં એક દિવસ બાળકી થોડા સમય માટે ઘરેથી નીકળી ગઈ હતી, પરંતુ તેના ભાઈએ તેને નજીકના બગીચા પાસેથી શોધી ઘરે પરત લાવી હતી. ત્યારબાદ 7 જૂન 2024ના રોજ રાત્રે પરિવાર સાથે જમ્યા બાદ બાળકી માતા-પિતા સાથે રૂમમાં સૂઈ ગઈ હતી. મધરાત બાદ બાળકીની તબિયત અચાનક લથડી હતી અને તેના મોઢામાંથી ફીણ નીકળ્યું હતું અને મોતને ભેટી હતી. તેનું પીએમ કરીને વિશેરા તપાસ માટે મોકલાયા હતા. વિશેરાની તપાસમાં બાળકીના મૃત્યુ પૂર્વેના સમયગાળામાં તેની સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. જેથી પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નવી સિવિલમાં ખાનગી હોસ્પિટલ જેવું, પાસ નહીં તો 'નો એન્ટ્રી'

દર્દીઓને મળવા માટે મુલાકાતનો સમય પણ નક્કી કરવામાં આવ્યાં

આજથી મુલાકાતી પાસ અને સમય નિયંત્રણની નવી વ્યવસ્થા અમલી

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર દરમિયાન બિનજરૂરી ભીડ અને સતત અવરજવર ઘટાડવા માટે હોસ્પિટલ તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દર્દીઓની સારવાર અને સુવિધામાં વધુ સુધારો લાવવા માટે આજથી નવી સિવિલની તમામ બિલ્ડિંગમાં મુલાકાતી પાસ અને સમય નિયંત્રણની નવી વ્યવસ્થા અમલી બનશે.

નવી સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ટેન્ટ ડો. પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, નવી વ્યવસ્થા મુજબ દાખલ દર્દી સાથે 24 કલાક રહેવા માટે પીળા રંગનો પાસ આપવામાં આવશે. જ્યારે દર્દીને મળવા આવતા સગા-સંબંધીઓ માટે ઈન્ડોર પેશન્ટ પેપર સાથે બે પિંક રંગના મુલાકાતી પાસ આપવામાં આવશે. આ પાસ વિના કોઈપણ મુલાકાતીને વોર્ડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. દર્દીઓને મળવા માટે મુલાકાતનો સમય પણ નક્કી કરવામાં આવ્યો છે. સગા-સંબંધીઓ બપોરે 12થી 3 વાગ્યા સુધી અને સાંજે 7થી રાત્રે 10 વાગ્યા સુધી જ દર્દીને મળી શકશે. હોસ્પિટલના તમામ પ્રવેશ દ્વારો પર સિક્યોરિટી સ્ટાફ દ્વારા પાસની ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે. આ માટે સુરક્ષા કર્મચારીઓને વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. મુલાકાતી પાસ પાંચ દિવસ સુધી માન્ય રહેશે. દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે ત્યારે પાસ ફરજિયાત પરત રજૂ કરવાનો રહેશે.

ભીડ ઘટશે તો દર્દીઓને ઝડપી રિકવરીમાં મદદ મળશે

હોસ્પિટલ તંત્રના જણાવ્યા મુજબ વોર્ડમાં બિનજરૂરી ભીડ ઘટવાથી બહારથી આવતા ચેપ અને બેક્ટેરિયલ સંક્રમણનું જોખમ ઓછું થશે. ખાસ કરીને ગંભીર તથા સર્જરી બાદ સારવાર લઈ રહેલા દર્દીઓ માટે આ વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ બની રહેશે. મુલાકાતીઓની અવરજવર અને ઘોંઘાટ ઓછો થતાં ડોક્ટર-નર્સિંગ સ્ટાફ દર્દીઓની તપાસ, ડ્રેસિંગ, દવાઓ તથા સારવાર વધુ શાંતિપૂર્ણ વાતાવરણમાં કરી શકશે. સાથે જ દર્દીઓને પૂરતો આરામ અને ઊંઘ મળી રહેતા તેમની શારીરિક અને માનસિક રિકવરી ઝડપી થવાની શક્યતા રહેશે.

4 વર્ષ જૂની નોકરાણી ૨૨.૨૦ લાખના દાગીના ચોરી ગઈ

આભવા ચોકડી પાસે રહેતા યાર્નના વેપારીના ફ્લેટમાં અન્ય કોઈની અવરજવર વગર જ તિજોરીમાંથી દાગીના ગાયબ થઈ ગયા

સુરત : આભવા ચોકડી પાસે આવેલી હાઈરાઈઝ બિલ્ડિંગમાં ફેક્ટરી માલિકના ફ્લેટમાંથી તિજોરી સાફ કરીને રૂપિયા ૨૨.૨૦ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીના નોકરાણી ચોરી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

અલથાણ આભવા ચોકડી પાસે આવેલા રાજહંસ સિમ્ફોનિયાના ફ્લેટ નંબર D-813, 814 માં ૫૧ વર્ષિય સંદીપ પારસમલજી ઓસ્તવાલ પોતાના પરિવાર સાથે રહે છે. સંદીપભાઈ કિમ ખાતે યાન (સૂતરાઉ દોરા) બનાવવાની ફેક્ટરી ધરાવે છે. તેમના ઘરમાં છેલ્લા ચાર વર્ષથી ડિંડોલી ખાતે રહેતી અને મૂળ મહારાષ્ટ્રના જલગાંવની વતની સવિતા પાટીલ નામની મહિલા કામકાજ કરે છે. ગત તા. ૧૭/૦૫/૨૦૨૬ થી તા. ૨૨/૦૬/૨૦૨૬ના સમયગાળા દરમિયાન સંદીપભાઈના ઘરના રૂમમાં મુકેલી તિજોરીમાંથી પરિવારની જાણ બહાર કોઈએ સોના-ચાંદીના કિંમતી દાગીના પાર કરી લીધા હતા.

તિજોરીમાંથી કૂલ રૂપિયા ૨૨,૨૦,૦૦૦ ની કિંમતના સોના અને ચાંદીના દાગીના ગાયબ જણાઈ આવ્યા હતા. પરિવારે તપાસ હાથ ધરતાં ઘરમાં સતત અવરજવર ધરાવતી અને સફાઈ કામ કરતી સવિતા પાટીલ પર જ ચોરીનો પ્રબળ શક-વેહમ ગયો હતો. પ્રાથમિક તપાસ અને પૂછપરછ બાદ પણ દાગીના ન મળતાં આખરે સંદીપભાઈ ઓસ્તવાલે અલથાણ પોલીસ મથકે નોકરાણી સામે ફરિયાદ નોંધાવી હતી.

મિસ ફાયરિંગ પ્રકરણમાં PSIની હેડક્વાર્ટરમાં બદલી

PSI સર્વિસ રિવોલ્વરમાં ફસાયેલી બે ગોળી કાઢવા જતાં એક ફાયર થઈ ગઈ હતી

પોલીસે હોસ્પિટલ ખર્ચની મદદ કરશે

સુરતઃ નાના વરાછા પોલીસ ચોકીમાં સર્વિસ રિવોલ્વરની સર્વિસ દરમિયાન મિસ ફાયરિંગની ઘટનામાં બેદરકારી બદલ PSI મકવાણાની હેડક્વાર્ટર ખાતે બદલી કરવામાં આવી છે. હાલ PSI ખાતાકીય તપાસમાં સહકાર આપી રહ્યા હોવાથી તેમની ધરપકડ કરવામાં આવી નથી.PSI મકવાણાના મિસ ફાયરિંગમાં ગંભીર રીતે ઘવાયેલા 45 વર્ષીય લારીચાલક અરવિંદભાઈ પટેલની હાલત હવે સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. કાપોદ્રા PI એમ.આર.સોલંકીએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત અરવિંદભાઈ પટેલની હોસ્પિટલમાં સારવારનો 2થી 3 લાખ જેટલો ખર્ચ થવાની શક્યતા છે. જે તમામ ખર્ચ કાપોદ્રા પોલીસ વિભાગ દ્વારા ઉઠાવવામાં આવશે. ભવિષ્યમાં પણ તેમને સારવાર કે અન્ય કોઈ સહાયની જરૂર પડશે તો પોલીસ વિભાગ દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે, આ અકસ્માતમાં નહીં પણ ઘણા કેટલાક બનાવો જેવા કે એક્સિડન્ટની સહાય જેવા બનાવોમાં સુરત પોલીસ મદદે આવતી હોય છે.

પિસ્તોલ સીઝ કરી વધુ તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલાઈ

પ્રાથમિક તપાસમાં PSIની પિસ્તોલમાં બે ગોળી હોવાનું સામે આવ્યું છે. એક ગોળી ફસાઈ ગઈ હતી અને તેને બહાર કાઢવાનો પ્રયાસ કરતી વખતે ફાયરિંગ થયું હોવાનું જાણવા મળ્યું છે. ફાયરિંગ થતાં નીચે લોડ થયેલી બીજી ગોળી પણ ત્રાંસી રીતે ફસાઈ ગઈ હતી. ઓટોમેટિક હથિયારમાં એક રાઉન્ડ ફાયર થયા બાદ બીજો રાઉન્ડ આપમેળે લોડ થતો હોય છે. આ ઘટનામાં પણ આવી જ પ્રક્રિયા બની હોવાની શક્યતા છે. પોલીસે પિસ્તોલ સીઝ કરી વધુ તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી છે. ગંભીર બેદરકારીના આક્ષેપ વચ્ચે PSI મકવાણા સામે ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાની કવાયત શરૂ થઈ છે. સસ્પેન્શન સહિતનાં શિક્ષાત્મક પગલાં અંગેનો અંતિમ નિર્ણય ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા લેવામાં આવશે.

સર્જરી કરી આંતરડાનો ક્ષતિગ્રસ્ત ભાગ દૂર કરાયો

45 વર્ષીય અરવિંદ પટેલને ગોળી પેટ વીંધીને નીકળી જતાં નાના આંતરડાને ગંભીર નુકસાન થયું હતું. જોકે, તબીબોએ તાત્કાલિક સર્જરી કરી ક્ષતિગ્રસ્ત આંતરડાનો ભાગ દૂર કરી દર્દીનો જીવ બચાવ્યો હતો. રાત્રે અંદાજે 11:30થી 12 વાગ્યાની વચ્ચે તબીબોએ તાત્કાલિક ઓપરેશન શરૂ કર્યું હતું. સદનસીબે ગોળીથી કિડની અને શરીરની મુખ્ય નસોને કોઈ નુકસાન થયું નહોતું. જેના કારણે સર્જરી બાદ અરવિંદની સ્થિતિ સ્થિર બની છે.

પાલમાં 'ડિવાઈન વેલનેસ થેરાપી સેન્ટર'માં ચાલતું કુટણખાનું ઝડપાયું

ડમી ગ્રાહક મોકલીને પોલીસે રેડ પાડતાં સંચાલિકા ઝડપાઈ, બે મહિલાઓને મુક્ત કરાવી

સુરતઃ પાલ સ્થિત રાજ વર્લ્ડ શોપિંગ સેન્ટરના ત્રીજા માળે ચાલતા 'ડિવાઈન વેલનેશ થેરાપી સેન્ટર'માં સ્પા અને મસાજની આડમાં ચાલતા ગેરકાયદે દેહવ્યાપારના ગોરખધંધાનો પાલ પોલીસે પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલીને રેડ પાડી સમગ્ર નેટવર્કનો ખુલાસો કર્યો હતો. બે ભારતીય મહીલાઓને મુક્ત કરાવી છે.

મળતી વિગતો મુજબ, પાલ પોલીસને રાજ વર્લ્ડ શોપિંગ સેન્ટરમાં આવેલા સ્પા સેન્ટરમાં અનૈતિક પ્રવૃત્તિ ચાલતી હોવાની સચોટ માહિતી મળી હતી. પોલીસે બાતમીની સત્યતા ચકાસવા માટે એક ડમી ગ્રાહક તૈયાર કરીને સ્પામાં મોકલ્યો હતો. ડમી ગ્રાહક તરફથી ઈશારો મળતાં જ પોલીસે પંચોને સાથે રાખી ઓચિંતી રેડ પાડી હતી. દરોડા દરમિયાન સ્પા પરિસરમાંથી ૨ મહિલાઓને દેહવ્યાપારના ચક્રવ્યૂહમાંથી હેમખેમ મુક્ત કરાવવામાં આવી હતી.

પોલીસે સ્થળ પરથી દેહવ્યાપારનો અડ્ડો ચલાવતી મુખ્યા સંચાલિકા દિપલ શ્યામભાઈ યાદવ (ઉં.વ. ૪૪, રહે. રાજદીપ સોસાયટી, ડિંડોલી, મૂળ રહે. સાસારામ, બિહાર)ની અટકાયત કરી હતી. પાલ પોલીસે મહિલા આરોપી વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ (PITA) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સ્પા સેન્ટર કેટલા સમયથી કાર્યરત હતું અને તેમાં અન્ય કોઈ સ્થાનિક કે આંતરરાજ્ય ગેંગ સંકળાયેલી છે કે નહીં તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. તે ઉપરાંત અન્ય કોઈ વ્યક્તિ આ રેકેટમાં સામેલ છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

સગીરા સાથે વારંવાર દુષ્કર્મ કરનાર યુવકને ૨૦ વર્ષની કેદ

પ્રેમસંબંધમાં ભોગ બનનારની સંમતિ આ પ્રકારના સંબંધો માટે અસ્થાનેઃ કોર્ટની નોંધ

સુરતઃ સગીરાનું અપહરણ કરી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરનાર યુવકને સ્પેશિયલ પોકસો કોર્ટે ૨૦ વર્ષની કેદની સજા અને ૬૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

વરાછા પોલીસ સ્ટેશને નોંધાયેલી આ ફરિયાદની હકીકત મુજબ ફરીયાદીની સગીર વયની દિકરી (ઉં.વ.૧૫)ને તા.૨૧/૧૦/૨૦૨૪ ના ઘરેથી આરોપી મહેશ મથુર જોળીયા લલચાવી ફોસલાવી બદઇરાદે ભગાડી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં પોલીસે બન્નેને સાવરકુંડલા ખાતેથી શોધી કાઢ્યા હતા. આરોપી વિરુદ્ધ પોકસો એકટ સહિતની કલમો અન્વયે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થયા હતાં. કોર્ટે આરોપી પક્ષની તેઓ વચ્ચે પ્રેમસંબંધ હતો તેવું ભોગ બનનારે ડોકટર સમક્ષ હિસ્ટ્રીમાં જણાવ્યું છે.

જેથી આ સબંધો તેની સમંતિથી બન્યાં હોવાની દલીલની નોંધ કરી ભોગબનનારની સમંતિ આ પ્રકારના સબંધો માટે અસ્થાને હોય, જેથી તે બાબત ધ્યાને લેવાપાત્ર નથી. વળી, બનાવ સમયે આરોપી પોતે પુખ્ત વયના હતા અને તેઓ જાણતા હતા કે ભોગબનનાર સગીર વયના છે. આમ છતાં તેણી સાથે શારિરીક સબંધ બાંધી, ગુનાહિત કૃત્ય કર્યું હતું, તેમ નોંધી સ્પેશિયલ પોકસો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે આરોપી મહેશ મથુર જોળીયાને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સજા ફટકારી હતી. સગીરાનું અપહરણ અને વારંવાર કરેલા દુષ્કર્મ કેસમાં કોર્ટે ગંભીર નોંધ લઈ આરોપીને સજા ફટકારી હતી.

Chola Enter a better life

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ
કોર્પોરેટ ઓફિસઃ "ચોલા ક્રેસ્ટ", C 54 અને 55, સુપર B - 4, થીરૂ વી કા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600032.
શાખા ઓફિસઃ ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ, ચુનિટ નં. 203, લોટસ આઇટી પાર્ક, રોડ નં. 16, વાગલે એસ્ટેટ, થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર-400604.

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002ની કલમ 13[2] હેઠળ માંગણી નોટિસ

આથી નીચે દર્શાવેલ લોન લેનાર/ગિરવે મૂકનારને જાણ કરવામાં આવે છે કે કંપનીએ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ તમારી સામે કાર્યવાહી શરૂ કરી છે અને કાયદાની કલમ 13 (2) હેઠળ રજિસ્ટર્ડ પોસ્ટ પહોંચ સાથે દ્વારા તમને મોકલવામાં આવેલી નોટિસ બજાવ્યા વિના પરત આવેલ છે. તેથી, તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર વ્યાજ સહિત સદર ખાતા સામે દર્શાવેલ બાકી લોનની રકમ ચૂકવવાની નોટિસ આપવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ રહેશો તો કંપની તેના વ્યાજ અને ખર્ચ સાથેની બાકી રકમ વસૂલવા માટે કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળના તેના અધિકારનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરશે. એ જણાવવાની જરૂર નથી કે આ નોટિસ કંપની પાસે ઉપલબ્ધ અન્ય કોઈ પણ કાનૂની ઉપાયોને બાધ પહોંચાડ્યા વિના તમને મોકલવામાં આવી છે.

અ. નં.	લોન ખાતા નંબર અને લોન લેનાર/ઓનું નામ અને સરનામું	લોનની રકમ (રૂ.)	માંગણી નોટિસની તારીખ અને બાકી રકમ
1.	લોન ખાતા નં.: HE01ROB00000047698 ૧. સતીશ પુનાભાઈ ચાંદપરા (અરજદાર), ૨. પુનાભાઈ વલ્લભભાઈ ચાંદપરા (સહ-અરજદાર), ૧ અને ૨ સરનામું: A4-314, ૩જો માળ, લોક ભારતી સીએચએસ લિમિટેડ, મરોલ મરોશી રોડ, મરોલ અંધેરી ઈસ્ટ-400059, મહારાષ્ટ્ર. 3. લાભુબેન પુનાભાઈ ચાંદપરા (સહ-અરજદાર), ૧, ૨ અને 3 સરનામું: C1-1301, સિલ્વર લક્ઝુરિયા, વીઆઈપી સર્કલ, ઉત્રાણ, સુરત-394105, ગુજરાત. ૪. ઉગમ ઇમ્પેક્સ તેમના પ્રોપ્રાઇટર સતીશ પુનાભાઈ ચાંદપરા મારફતે (સહ-અરજદાર), 74, ટેકનો પાર્ક, સ્ટિંગ બોર્ડ એમઆઈડીસી, કોસ રોડ, સીપ્ઝ, ગેટ નં. 2, અંધેરી ઈસ્ટ-400093, મહારાષ્ટ્ર. ૧ અને ૪ સરનામું: દુકાન નં. 45, ગ્રાઉન્ડ ફ્લોર, વરાછા રોડ, સુરત, ગુજરાત - 395006. તમામ ૧ થી ૪